**DATE: 20/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ચોરીનો સામાન અંકલેશ્વર વેચવા માટે આવ્યાં હતાં ત્યારે પોલીસે દબોચ્યાં

# સુરતની એક જ દુકાનમાંથી ચોરેલા 73 મોબાઈલ સાથે 3 તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન તેમને માહિતી મળી હતી કે, જીઆઈડીસી બસ ડેપો સામેના શોપિંગ નજીક 3 શખ્સો સ્પોર્ટ્સ બેગમાં મોબાઈલ ફોન લઈ શંકાસ્પદ હાલતમાં ફરી રહ્યા છે, જે માહિતી ના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન ડીસન્ટ હોટલની પાસે ત્રણેય ને અટકાવી તેઓ પાસે ની સ્પોર્ટ્સ બેગમાં તપાસ કરતા 2 બેગમાંથી 73 નંગ મોબાઈલ



ફોન, જ્યારે અન્ય એક બેગમાંથી 2 લેપટોપ મળી આવ્યા હતા. પોલીસે ત્રણેય શખ્સો ને મોબાઈલ અને લેપટોપ અંગે પૂછતા અને સંતોષકારક જવાબ નથી આપતા,બી ડીવીઝન પોલીસે ત્રણેય ની સઘન પૂછપરછ કરતા તે સુરતના વરાછા રોડ ઉપર આવેલ શ્રીજી એપાર્ટમેન્ટ ત્રિકમ નગર માં રહેતા મનોહર પુરોહિત, અનીશ તિવારી અને સુરેન્દ્ર પ્રજાપતિ હોવાનું જણાવ્યું હતું પોલીસે તેઓ પાસેથી 2.35 લાખ કિંમતના કુલ 73 નંગ મોબાઈલ ફોન અને 65 હજાર બે લેપટોપ મળી કુલ રૂ. 3 લાખ થી વધુના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓએ સુરતના પુણા વિસ્તારમાં આવેલી એક દુકાનમાં ધાપ મારી હતી જ્યાંથી મોબાઇલ અને લેપટોપની ઉઠાંતરી કરી હતી. ચોરીનો મામલો શાંત થયા બાદ તેઓ ચોરીની વસ્તુઓ વેચવા અંકલેશ્વર આવ્યાં હતાં

**DATE: 20/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસને જોઇ 6 ખેલીઓ રફૂચક્કર

# ઝઘડિયાના જરસાડ ગામે દરોડામાં 5 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના જરસાડ ગામેથી પત્તાપાનાનો જુગાર રમતા પાંચ ઇસમોને પોલીસે ઝડપી લીધા હતા, જ્યારે પોલીસની રેઈડ જોઈને અન્ય છ ઇસમો નાસી છુટ્યા હતા.

રાજપારડી પોલીસને મળેલ બાતમી મુજબ પીએસઆઈ જી.આઈ.રાઠોડે ટીમ સાથે જરસાડ ગામે બાતમી મુજબના સ્થળે છાપો મારતા ત્યાં કેટલાક ઇસમો ભેગા મળીને જુગાર રમતા હોવાનું જણાયું હતું. પોલીસની રેઈડ દરમિયાન અશ્વિન વસાવા , શના વસાવા, ઓલીયા વસાવા, મહેન્દ્ર વસાવા અને દિપક વસાવા કુલ રૂ.43,330 ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે સતિષ વસાવા, રતિલાલ વસાવા, રાજેશવસાવા, સુરેશ, રતિલાલ વસાવા તેમજ સબ્બિર મિરજા ના પોલીસની રેઈડ જોઈને નાસી છુટ્યા હતા. પોલીસે જુગારની આ ઘટનામાં ઝડપાયેલ અને નહિ ઝડપાયેલ તમામ ઇસમો સામે ગુનો નોંધ્યો છે.

**DATE: 20/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 2.57 લાખ રૂ.નો મુદ્દામાલ જપ્ત જયારે 3 આરોપી વોન્ટેડ

# અંકલેશ્વરના સેંગપુર ગામે ખેતરમાં સંતાડેલો દારૂ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના સેંગપુર ગામેથી પોલીસે શેરડી ના ખેતર માં સંતાડેલો 2.57 લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા અંકલેશ્વર તાલુકા પોલીસ મથકની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલીંગ માં હતી. તે સમય દરમ્યાન બાતમી મળેલ કે, સેંગપુર ગામની સીમમાં ખાડી વગામાં વિષ્ણુ વસાવા તથા રાજેશ વસાવાના ઓએ શેરડીના



ખેતરમાં વિદેશી દારૂનો જથ્થો લાવી સંતાડેલો છે.જે માહિતીના આધારે સંયુક્ત ઓપરેશન માં પોલીસની ટીમે શેરડીના ખેતર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. શેરડીના સાંઠાઓ વચ્ચે સંતાડેલી દારુની બોટલ નંગ -1336 કિમંત રૂ. 2.52 લાખ સહિતના મુદ્દામાલ સાથે આરોપી વિષ્ણુ વસાવાને સ્થળ પરથી ઝડપી પાડયો હતો.દારૂનો જથ્થો આપનાર અને દારૂ મગાવનાર રાજેશ વસાવા રહે, સેંગપુર, રાજેશ વસાવા રહે,ચોર આમલા અને સુનીલ ગામીતને વોન્ટેડ જાહેર કરીને ત્રણેય ઈસમોને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઝાડેશ્વર ચોકડી થી બાઇક પર જતાં હતાં

# મોબાઈલની ઉઠાંતરી કરતાં બે યુવાન ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં મોબાઈલ ફોનની ઉઠાંતરીના બનાવો વધી જતાં પોલીસ એકશનમાં આવી હતી. સી ડિવિઝન પોલીસે ઝાડેશ્વર ચોકડી નજીકથી બે યુવાનોને 12 મોબાઈલ ફોન સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ શહેરમાં મોબાઈલ ફોન સ્નેચિંગના ગુનાઓ વધી જતાં પોલીસ સક્રિય બની હતી. વડોદરાના રેંજ આઈજી સંદિપસિંગ તથા એસપી લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પોલીસે કરેલી કામગીરીના ભાગરૂપે ઝાડેશ્વર ચોકડી નજીકથી બે મોબાઈલ ચોરને ઝડપી લેવાયાં છે. પોલીસે ઝડપી પાડેલા ચોરોની ઓળખાણ ભરુચના સરનાર ગામની નવી નગરીમાં રહેતાં યામીન વોરા પટેલ અને અમરોલીના કોસાડ આવાસમાં રહેતાં મુબારક પટેલ તરીકે થઈ છે. બંને પાસેથી 12 મોબાઈલ ફોન મળી આવ્યાં છે. આ મોબાઈલની તેમણે વિવિધ સ્થળોએથી ઉઠાંતરી કરી હોવાની વિગતો સપાટી પર આવી છે.

## રહાડપોર ગામના ન્યુ સીમા એપાર્ટમેન્ટનો બનાવ

# ફ્લેટમાં બોલાવી જુગાર રમાડનાર સહિત 6 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં રહાડપોર ગામે રહેતો એક શખ્સ બહારથી લોકોને બોલાવી જુગારની મહેફિલ જમાવતો હોઇ એ ડિવિઝન પોલીસે દરોડો પાડી કુલ 6 જણાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી કુલ 17 હજાર રોકડા મળી કુલ 32 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ તાલુકાના રહાડપોર ગામે ન્યુ સીમા એપાર્ટમેન્ટમાં રહેતો ઇસ્માઇલ ઇશા દોલા તેના રહેણાંક ફ્લેટમાં બહારથી લોકોને બોલાવી જુગાર રમાડતો હોવાની ચોક્કસ બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તેના એપાર્ટમેન્ટમાં દરોડો પાડ્યો હતો. જ્યાં ઇસ્માઇલ દોલાએ તેના મળતિયાઓ ફિરોજ ઇબ્રાહિમ મન્સુરી, સલીમ મોહંમદ પટેલ, આરીફ અબ્દુલ કરીમ દિવાન, અબ્દુલ મજીદ ઇસ્માઇલ માંજરા તેમજ મોહંમદ ઉમરજી પટેલ ફ્લેટના બેડરૂમમાં કુંડાળું વળી જુગાર રમાતાં ઝડપી પાડ્યાં હતાં. ટીમે જુગારિયાઓ પાસેથી દાવપર લાગેલાં તેમજ અંગઝડતીના મળી કુલ 17 હજારથી વધુની રોકડ તેમજ 15 હજારની મત્તાના 3 મોબાઇલ મળી કુલ 32 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે તમામ જુગારિયાઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વર પાસે હોટલ પાસે 20 લાખનો દારૂ ભરેલું કન્ટેનર પકડાયું

# ક્રિસમસ પહેલાં ગુજરાતમાં ઘુસાડાતો દારૂ ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર વિસ્તાર માં સતત બીજા દિવસે એલસીબી પોલીસે દારૂનો વિપુલ જથ્થો ઝડપી પાડ્યો હતો. એલસીબી પી.આઈ. ઉત્સવ બારોટ અને ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન હરિયાણાથી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલાં દારૂના વિપુલ જથ્થા અંગે માહિતી મળી હતી. નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ હિલ્ટન હોટલ ના કમ્પાઉન્ડ માં પાર્કિંગ માં પડ્યું છે. જે આધારે પોલીસે ટીમે છાપો માર્યો હતો.

પોલીસે કન્ટેનર ખોલી ચેક કરતા અંદર આગળનો ભાગ ખાલી હતો જ્યારે ચોરખાનું હોવાની આશંકાએ પોલીસે સર્ચ કરતા દારૂની 5,088 બોટલ મળી આવી હતી. પોલીસે કુલ 20.35 લાખ રૂપિયાનો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ કન્ટેનરના ડ્રાયવર અને બાડમેરના રહેવાસી રામપબુ ગોદારાની ધરપકડ કરી હતી. તેની પૂછપરછમાં હરિયાણાના મહેશ ખુમાર નું નામ સામે આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## હરિયાણાથી દારૂ વાયા રાજસ્થાન ઘુસાડ્યો

નર્મદાની સાગબારા ચેકપોસ્ટ પરથી થોડા દિવસો અગાઉ અફિણના પોસ ડોડા ભરેલી ટ્રક ઝડપી લેવામાં આવી હતી. જેમાં મધ્યપ્રદેશથી રાજસ્થાનમાં ડ્રગ્સ ઘુસાડવા માટે વાયા ગુજરાત રૂટનો ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યું હતું. અંકલેશ્વરમાંથી ઝડપાયેલો દારૂનો જથ્થો પણ હરિયાણાથી વાયા રાજસ્થાન, મહારાષ્ટ્ર થઈને ગુજરાત આવ્યો હોવાની આશંકા છે.

### પીછો કરનારાને ચપ્પુ બતાવી બાઇક લૂંટી હતી

# પાનોલીમાં બાઈકની લૂંટ ચલાવનારા 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલીની સકાતા ચોકડી પાસેથી મહિલાના હાથમાંથી મોબાઈલ આંચકી મોપેડ પર ભાગી રહેલાં 3 લૂટારૂઓનો એક યુવાને હિમંતભેર પીછો કર્યો હતો પણ લૂંટારૂઓ તેને પણ ચપ્પુ બતાવી તેની બાઈકની લૂંટ ચલાવી ભાગી છુટયાં હતાં.પાનોલીના પી.એસ.આઈ. એમ.એચ. વાઢેર તેમજ પાનોલી પોલીસની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને લૂંટારુ ની બાઈક ના નંબર આધારે તપાસ શરુ કરતા ગણતરીના સમયમાં જ કોસંબા ના દાદરી ફળીયા માં રહેતા રાહુલ ઉર્ફે કાળું વસાવા , કિશન ચૌહાણ અને મિતેષ ઉર્ફે બિજલી વસાવા ની ધરપકડ કરી હતી તેમની પાસે લૂંટ કરેલ બાઈક રિકવર કરી હતી. પોલીસ લૂંટ માં ગયેલ મોબાઈલ ,તેમજ અન્ય કોઈ લૂંટ માં તેની સંડોવણી છે કે કેમ તે અંગે રિમાન્ડ ની તજવીજ શરૂ કરી હતી. કોસંબા ખાતે થી ઝડપાયેલા ત્રણ ઈસમો 20 થી 22 વર્ષ ના છે જેઓ આ લૂંટ ને અંજામ આપ્યો હતો. લબરમૂછિયા પોતાના મોજશોખ પુરાવા કરવા ચોરી લૂંટફાટ ના રવાડે ચડ્યા હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

**DATE: 22/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરના યુવાન સાથે ઠગાઇ કરનારા ચાર ઝડપાયાં

અંકલેશ્વર | અંકલેશ્વર ઓએનજીસી કોલોનીમાં આવેલ ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા મૂળ આસામ ના હઝરત અલી રમજાન અલીના બેંક ખાતામાંથી 25,900 રૂપિયાની ઠગાઇ થઇ હતી. તાજેતરમાં છતીસગઢની અંબિકાનગર પોલીસે મહંમદ એયુબ અન્સારી, મોહમ્મદજીયા ઉલ્લા અન્સારી, મોહમ્મદ સાઈડ રજ્જા, અલી હુસેન અન્સારીનેઝડપી પડ્યા હતાં. તેમણે અંકલેશ્વરમાં કરેલી ઠગાઈની કબુલાત કરતાં સ્થાનિક પોલીસને જાણ કરાય હતી. અંકલેશ્વર પોલીસે ચારેય આરોપીઓનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબીએ 75 હજારના દારુ અને વૈભવી કાર જપ્ત કરી

# મુંબઈથી દારૂ લાવી રહેલાં 3 નબીરા અંકલેશ્વરમાંથીઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નવા વર્ષને વધાવવા માટે અનેક લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.જ્યારે અમુક આયોજકો દ્વારા નવા વર્ષની આગલી રાત્રિ એટલે 31 ડિસેમ્બર ના રોજ ડાન્સ પાર્ટીઓના પણ આયોજન કરતા હોય છે.

જેને લઈને રાજ્યમાં બુટલેગરો સક્રિય બની અને મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી કરીને મોટી સંખ્યામાં દારૂ મંગાવતા હોય છે. પરંતુ જેમાં પોલીસ પણ કડક કાર્યવાહી કરીને બુટલેગરોના મનસુબા પર પાણી ફેરવી દે છે.



ત્યારે વાત કરીએ અંકલેશ્વર શહેરમાં પણ 31 ડિસેમ્બર ની ઉજવણી માટે લાવેલા વિદેશી દારૂ LCBએ ઝડપી પાડ્યો હતો. ભરૂચ LCB પોલીસ ની ટીમે માહિતીના આધારે સુરત થી અંકલેશ્વર આવવાના સર્વિસ રોડ ઉપર સન પ્લાઝા હોટલ સામે સફેદ કલરની કીયા ફોર વ્હીલ ગાડી માંથી બ્રાન્ડેડ કંપની નાની મોટી બોટલ નંગ -123 કિ.રૂ. 75,310 ના દારૂ, ફોન નંગ 3 કિ.રૂ 15 હજાર, અંગઝડતી રોકડા રૂ.16,420 અને કીયા ફોર વ્હીલ ગાડી કિ.રૂ.10 લાખ સાથે કુલ રૂ.11,06,730 નો મુદ્દામાલ સાથે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતાં. પોલીસની કારમાંથી અંકલેશ્વરના રહેવાસી સુરેશ મનસુખ દવે, નિતીન કુરિલ અને વિષ્ણુ ભીલારેને ઝડપી પાડીને પ્રોહીબીશન એક્ટની સંલગ્ન કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોસ્ટમાં ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે .

DATE: 23/12/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

લોઢવાણના ટેકરા વિસ્તારની મહિલા સહિત બે વોન્ટેડ

# ભરૂચમાં 1.73 લાખના દારૂ સાથે ખેપિયો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના દાંડિયાબજાર વિસ્તારમાં રહેતી મહિલા બુટલેગર માટે લક્ઝુરિયસ કારમાં વિદેશીદારૂ લાવનાર કુખ્યાત બુટલેગર પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો. જોકે, તેની સાથેનો પંન્ટર તેમજ મહિલા બુટલેગર પોલીસને ચકમો આપી નાસી છુટી હતી.

ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, દાંડિયાબજાર લોઢવાડના ટેકરા ખાતે રહેતી મહિલા બુટલેગર રક્ષા નરેશ કહારે વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો છે. જેના પગલે ટીમ તુરંત સ્થળ પર દોડી ગઇ હતી. જોકે, પોલીસને આવતાં જોઇ મક્તમપુર ખાતે રહેતો ભરત મગન પટેલ તેમજ રક્ષા નરેશ કહાર ત્યાંથી રફુચક્કર થઇ ગયાં હતાં. જોકે, પોલીસે કુખ્યાત બુટલેગર રાહુલ કિશોર કાયસ્થને દબોચી લીધો હતો. ટીમે કારમાં તપાસ કરતાં તેની ડેકીમાંથી કુલ 1.73 લાખની મત્તાની દારૂની 670 બોટલો મળી આવી હતી. પોલીસે તેની પાસેથી દારૂ તેમજ બે મોબાઇલ અને લક્ઝુરિયસ કાર મળી કુલ 6.78 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ફરાર મહિલા બુટલેગર રક્ષા કહાર તેમજ ભરત પટેલને વોન્ટેડ જાહેર કરી તપાસ આદરી છે.

**DATE: 23/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ફુરજા સહિતના વિસ્તારમાં પોલીસનું ચેકીંગ

# ભરૂચમાં મારક હથિયારો સાથે 3 શખ્સો ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ફુરજા સહિતના વિસ્તારમાં પોલીસે પેટ્રોલિંગ વેળાં અલગ અલગ સ્થળેથી 3 શખ્સોને મારક હથિયારો સાથે ઝડપી પાડ્યાં હતાં.

ભરૂચ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ખાસ તકેદારી રાખી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેના પગલે પોલીસની ટીમો વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી છે. દરમિયાનમાં શહેરના ફુરજા નારીયેળી બજાર વિસ્તારમાં જુનેદ જાવીદ અબ્દુલગની શેખ (રે. બગદાદી મસ્જીદ પાસે) નામના યુવાનને ઝડપી પાડ્યો હતો. તેણે પ્લાસ્ટીકના હાથામાં ફટ કરેલો ચપ્પુ ગળામાં પહેવારના પ્લાસ્ટીકના પટ્ટાવાળું ગળામાં લગાવી ફરતો હોઈ તેને ઝડપી પાડ્યો હતો. જે બાદ નર્મદા કિનારે આવેલાં દત્ત મંદિર પાસે બેઝ બોલ બેટ જેવા લાકડાનો ટુકડો લઈને ફરતાં મોઈન ફિરોજખાન પઠાણ (રહે. ખીમલીવાડ મસ્જીદ પાસે) તેમજ ફુરજા પોર્ટ પર 4 ફૂટનો લાકડાનો સપાટો લઈને ફરતાં નવસાદ શબ્બીરમહેમુદ મલેક (રહે. બગદાદી મસ્જીદ) ને ઝડપી પાડ્યો હતો મારક હથિયારો સાથે ત્રણેય બિન્દાસ્તપણે જાહેરમાં ફરતાં હોઈ તેમના વિરૂદ્ધમાં ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકે ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ સબબનો ગુનો નોંધ્યો છે.

**DATE: 24/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## કાર સહિત 4.52 લાખનો મુદ્દામાલ જપ્ત

# નેત્રંગના પાડા ગામે દારૂ સાથે બે ખેપિયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

ભરૂચ એલસીબીએ નેત્રંગ તાલુકાના પાડા ગામમાં કારમાં મુકેલાં વિદેશી દારૂના જથ્થા સાથે બે ઇસમોને ઝડપી પાડ્યા હતા જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે

થર્ટી ફસ્ટની ઉજવણીમાં દારૂનું રેલમછેલ અટકાવવાના હેતુથી ભરૂચ એલસીબીનો સ્ટાફ નેત્રંગ તાલુકામાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે નેત્રંગ તાલુકાના પાડા ગામમાં રહેતો બુટલેગર નૈનેશ બાબર વસાવાએ પોતાના વાડાના ભાગે કારમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડેલ છે.

પોલીસે દરોડો પાડી કારમાંથી વિદેશી દારૂની 335 નંગ બોટલ કબજે કરી હતી અને 42 હજારનો દારૂ તેમજ ફોન,કાર મળી કુલ 4.52 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગોરાટિયા ગામના સ્ટેશન ફળિયામાં રહેતાં પરેશ વસાવા અને સંજય મોરેને ઝડપી પાડયાં હતાં. જ્યારે બુટલેગર નૈનેશ બાબર વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 25/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## દોરા ગામે મોનિટરિંગ સેલની ટીમના દરોડાં

# વિદેશીદારૂ સાથે બે ઝબ્બે 1.40 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગાંધીનગરની સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આમોદ તાલુકાના દોરા ગામે નવીનગરી ખાતે રહેતો સતિષ ચંદુ વસાવા તેના ઘરેથી વિદેશીદારૂનો વેપલો કરે છે. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડતાં ઘરમાં બેસેલાં સતિષ વસાવા સાથે રોહિત ઉર્ફે અનિલ મનહર પરમારને ઝડપી પાડ્યાં હતાં. તેના ઘરમાંથી ટીમે વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે તેમના ઘરની સામેથી એક એક્ટિવા પણ જપ્ત કર્યું હતું. જે તેઓ દારૂની હેરાફેરી માટે વાપરતાં હતાં.

પ્રાથમિક પુછપરછમાં તેણે નજીકમાં રહેતાં તેના માસીના પુત્ર હસમુખ ઉદેસિંગ વસાવાના ઘરે દારૂનો જથ્થો સંતાડતો હોવાનું કબુલતાં ત્યાંથી પણ દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ટીમે કુલ કુલ 85 હજારનો દારૂ, એક્ટિવા સહિત કુલ 1.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 25/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કામધેનુ એસ્ટેટ નજીકથી 11 લાખ નો દારૂ ઝડપાયો હતો

# પાનોલીના દારૂ પ્રકરણમાં વધુ 3 આરોપીઓ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ખાતે એલસીબી પોલીસે 5 મહિના પૂર્વે ઝડપી પાડેલ 11 લાખના દારૂ પ્રકરણ માં 3 ઝડપી પાડ્યા હતા. એલસીબી પોલીસે જે તે વખતે દારૂ બાઈક,કાર અને ટેમ્પો મળી 31 લાખ રૂપિયા નો મુદામાલ જપ્ત કર્યો હતો. હાંસોટ પોલીસ મથકે તપાસ સોંપવામાં આવી હતી. પોલીસે દહેજ અને ભરૂચ ખાતે 3 ઈસમો ની ધરપકડ કરી હતી.

5 મહિના પૂર્વે અંકલેશ્વર થી પાનોલી જવાના માર્ગ પર રોડની બાજુમાં આવેલી કામધેનું એસ્ટેટ ખાતે ઈંગ્લિશ દારૂ ના જથ્થા નું કટિંગ હોવાની બાતમી ભરૂચ એલ. સી. બી.ને મળતા છાપો મારતાં પોલીસની ગાડી જોઈ બુટલેગરો પોતાની ફોર વ્હીલ ગાડી અને દારૂ નો જથ્થો મૂકી નાસી ગયાં હતા. જે તે વખતે રૂપિયા 11 લાખનો દારૂનો જથ્થો. તથા ત્રણ કાર, એક ટાટા ટેમ્પો અને બે મોટર સાયકલ સહિત 31 લાખ રૂપિયા નો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ પ્રકરણની તપાસ હાંસોટ પોલીસ સ્ટેશનના તત્કાલીન પી. આઈ. આપવા આવી હતી. જે સંદર્ભે ગત રોજ આ ગુનામાં વોન્ટેડ આરોપી એવા જીગ્નેશ પરીખને દહેજ પોલીસ મદદ થી દહેજ ખાતેથી, એલસીબીની મદદ થી દિવા ગામ થી આકાશ પટેલની અને હાંસોટ પોલીસે ભોલાવ ખાતેથી કૌશિક ગોહિલ ને ઝડપી પાડ્યો હતો.

**DATE: 25/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**



ભરૂચ જિલ્લાના 3 ગુનાઓમાં વોન્ટેડ હતો

# હાંસોટ પાસે મંદિરે દર્શન કરવા આવેલો બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ત્રણ અલગ અલગ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા આઠ માસથી ફરાર નવા દિવાના આકાશ પટેલને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર તાલુકા પોલીસના હવાલે કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશન અને અંકલેશ્વર શહેર પો.સ્ટે ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નાસતો ફરતો વોન્ટેડ બુટલેગર અને નવા દિવાનો રહેવાસી આકાશ પટેલ સામે કોર્ટ તરફથી સી.આર.પી.સી કલમ 70 મુજબનુ ધરપકડ વોરંટ ઇસ્યુ કર્યું છે. તે હાંસોટ કંટીયાજાળ રોડ ઉપર આવેલા મંદીરે દર્શન કરવા આવેલો છે, તેની માહિતીના આધારે એલસીબી પોલીસે વોન્ટેડ આરોપી આકાશ પટેલ ને હાંસોટ ખાતે થી ઝડપી પાડી પાડ્યો હતો. અને હાંસોટ પોલીસના હવાલે કર્યો હતો. હાંસોટ પોલીસ હવે આગળની કાર્યવાહી કરશે.